ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ:-04 તા.18-08-2021

# માન.કેન્દ્રિય મંત્રીશ્રી મહેન્દ્રભાઇ મુંજપરાજીની જન આશિર્વાદ યાત્રાનો આજે ત્રીજો દિવસ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, જન આશીર્વાદ યાત્રાનો આજો ત્રીજો દિવસ હતો જેમાં માન.મંત્રીશ્રી મહેન્દ્રભાઇ મુંજપરા પ્રજાના આશીર્વાદ લેવા માટે ધ્રાંગધ્રા, માલવણ, પાટડી, વિરમગામ, લખતર, સુરેન્દ્રનગર ગયા હતા.

માન.મંત્રીશ્રીનું અલગ અલગ જગ્યાએ ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું. છારદ ગ્રામ પંચાયત ખાતે પુર્વ સૈનિકનું સન્માન કરવામાં આવ્યું તેમજ શહીદ પરીવારનું પણ સન્માન કરવામાં આવ્યું. અમદાવાદ જીલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા વિરમગામ ખાતે સ્વાગત કરવામાં આવ્યું તેમજ ભવ્ય સભાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સિનિયર સિટિઝન કાર્ડ એનાયત કરવામાં આવ્યા."ભારત માતા કી જય "ના નારા સાથે હનુમાન મંદિર-રામ છાપરી ખાતે લઘુમતી સમાજના આગેવાનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ વિરમગામ તાલુકાના હાસલપુર ગામે સ્થિત સિરેશ્વર દાદાના દર્શન કર્યા અને જન આશીર્વાદ લીધા. સ્વામીનારાયણ મંદિર પાટડી ખાતે દર્શન કરી સંતોના આશીર્વાદ લીધા તેમજ સામાજિક અગ્રણીઓ -કાર્યકર્તાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ મહાત્મા ગાંધી તથા બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા ઉપર ફૂલહાર કર્યા ત્યારબાદ માલવણ ઉમિયાધામ ખાતે સ્વાગત કરવામાં આવ્યું તેમજ દર્શન કરી આશીર્વાદ મેળવ્યા ત્યાથી નીકળી માન.કેન્દ્રિય મંત્રીશ્રી મહેન્દ્રભાઇ મુંજપરાએ પિપલિધામ ખાતે રામદેવપીર દાદાના દર્શન કરી આશીર્વાદ લીધા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)